MAHATAMA MANDIR GANDHINAGAR

સાહેબ, એસએમએસના માધ્યમથી લોકોના પ્રતિભાવ ભલે આપે હમણાં ને હમણાં માગ્યા, પણ એ આપને હમણાં નહીં મળી શકે. આપની સુરક્ષા માટે જ અહીં ઝામર લગાવ્યાં છે એ ભૂલી ગયા ?!!

# ગાંધીનગર શહેરમાં શિક્ષક દિનની અપૂર્વ ઉજવણી

## શાળા અને કોલેજોએ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિનને શિક્ષણ પ્રવૃત્તિ સાથે મનાવ્યો

ગાંધીનગર, તા.૫

શિક્ષણ જગતમાં જેમના જન્મદિનને શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે તેવા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિન પમી સપ્ટેમ્બરે શહેરની શાળા કોલેજો અને સંસ્થાઓએ વિધ વિધ શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ યોજીને ઉજવ્યો હતો.

**● આર. જી. પટેલ કન્યા શાળા**

ગાંધીનગરની આર.જી. પટેલ એન્ડ એસ.બી. પટેલ કન્યા શાળામાં પમી સપ્ટેમ્બરે શિક્ષક દિનની વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવી હતી. શાળાની ૨૦૦ વિદ્યાર્થિનીઓએ વિવિધ આર્ટસ, પ્રોજેકટ દ્વારા શૈક્ષણિક દોર સંભાળી હતી. શિક્ષક દિન ઉજવણી અંતર્ગત ડૉ સર્વપલ્લી રાધાકૃષ્ણનના જીવન કવન પર વકતવ્ય યોજાયું હતું. ચાર ગૃહની વિદ્યાર્થીનીઓમાં જાનકી ઠાકોર, નીકી ભાવસાર, જાહન્વી ચાવડા ઈન્દ્રાક્ષી પરમારે પોતાના વિચારો રજૂ કર્યા હતાં. 'શિક્ષકનું સ્થાન' નિબંધ સ્પર્ધા યોજી હતી. તેમાં ૧૫ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. પ્રાર્થના દરમિયાન શિક્ષક બનેલી વિદ્યાર્થીનીઓએ શિક્ષણ કાર્ય દરમિયાન કેવા અનુભવો થયા તે અંગે પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. વિદ્યાર્થિનીઓને આજના દિને મુખ્યમંત્રીના ટાઉનહોલ ખાતે યોજાયેલો કાર્યક્રમ દર્શાવવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં માર્ગદર્શન આચાર્યા સુધાબેને પુરું પાડયું હતું.

**● સી એમ પટેલ કોલેજ ઑફ નર્સીંગ**

ગાંધીનગર સેકટર-૧૨ માં આવેલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ચંચળબેન મફતલાલ પટેલ કોલેજ ઓફ નર્સિંગમાં ડૉ. રાધાકૃષ્ણ જન્મદિનને શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે. સી.એમ. કોલેજના ૪૦ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ સેવકથી આચાર્યા પદ સુધીના તમામ જવાબદારીઓ સંનિષ્ઠપણે બજાવી શિક્ષક દિન ઉજવ્યો હતો.

શિક્ષક તરીકેની કાર્યપદ્ધિમાં જોડાનાર વિદ્યાર્થીઓમાં આચાર્ય પદે સુથાર હેતલ અને ઉપાચાર્ય તરીકે હિતેક્ષાએ સુંદર કામગીરી કરી હતી. તેમના શિક્ષણકાર્ય અંગેનું મૂલ્યાંકન સ્ટાફ મિત્રોએ કર્યું હતું.

વિદ્યાર્થીઓએ કરેલી કામગીરીને કોલેજના આચાર્યા રવિનાબેન, કેમ્પસ ડાયરેકટર રમેશભાઈ વ્યાસ, ફાલ્ગનીબેન મોદી અને સહ પ્રાધ્યાપકશ્રીઓએ તેમની કાર્યસિદ્ધિને બિરદાવી હતી.

**● મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા**

મહર્ષિ અત્રિ માધ્યમિક શાળામાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. પ્રાથમિક વિભાગમાંથી ૪૧ વિદ્યાર્થીઓએ અને માધ્યમિક વિભાગમાંથી ૨૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. માધ્યમિકમાં આચાર્ય તરીકે ઉમંગ મકવાણા અને પ્રાથમિક વિભાગમાં આચાર્ય તરીકે રાજ ઠકકર બન્યા હતા. ઋષિ ઠાકર, હર્ષ ચૌધરી, શ્રદ્ધાબા રાઠોડ અને સૌનક પટેલે શ્રેષ્ઠ શિક્ષણ કાર્ય કર્યું હતું.

**● જે.એમ. ચૌધરી કન્યા શાળા**

સ્વયં શિક્ષક દિન તરીકે શાળાના ધો-૧૦ અને ધો-૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક કાર્ય કરવામાં આવ્યું હતું. માધ્યમિક વિભાગમાં વિશાલ ટગર્યા, સ્વપ્નિલ જાદવ અને વિવેક આચાર્યે તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ક્રિશ્ના પારેખ, નેહા ચૌધરી, મોનાલી પાટડિયા, જહાનજી કુંપાવત, તબસ્સુમ સૈયદે શ્રેષ્ઠ શૈક્ષણિક કાર્ય કર્યું હતું. આચાર્ય તરીકે રોશની પંડયા અને પુષ્પેન્દ્ર સિંહ રાઠોડે કામગીરી સંભાળી હતી.

**● જે.એમ. ચૌધરી ગ્રાન્ટેડ શાળા**

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. માધ્યમિક વિભાગમાં વૈભવી જોષી, માનસી મહેતા અને રીતુ ચૌધરીએ તથા ઉચ્ચ માધ્યમિક વિભાગમાં અનસુયા મેઘલ અને નિરાલી ચૌધરીએ ઉત્કૃષ્ટ કામગીરી સંભાળી પ્રથમ નંબર મેળવ્યો હતો.

**● વહાણવટી વિદ્યાલય**

શાળામાં શિક્ષક દિન નિમિત્તે શાળાના વિદ્યાર્થીઓએ સમગ્ર શિક્ષણ સંસ્થાનો એક દિવસ કાર્યભાર સંભાળ્યો હતો. શાળાના ૨૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં આચાર્ય, શિક્ષકો, કલાર્ક, સેવકભાઈ વગેરેએ પોતાની એક દિવસની કામગીરી સુપેરે સંભાળી હતી. શાળાના શિક્ષક મનીષાબેન પટેલે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જીવન ચરિત્ર વિશે માહિતી આપી હતી. શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. શાળાના આચાર્ય અને શિક્ષકોએ દરેક વિદ્યાર્થીને અભિનંદન પાઠવ્યા હતા.

**● એસ.જી. ઈંગ્લીશ મીડીયમ પ્રાયમરી સ્કૂલ**

ગાંધીનગરના સેકટર-૨ ૩માં આવેલા કડી શૈક્ષણિક સંકુલની એસ.જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિનને ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો. શાળાના ધોરણ-૮-એ, ધો-૮-બી અને ધોરણ-૮-સીના ૧૩૫ જેટલા વિદ્યાર્થીઓએ આચાર્ય, શિક્ષક, કલાર્ક, સેવકની ભૂમિકા અદા કરી હતી. ધો-૮-બીની રિદ્ધિ ચૌધરીએ આચાર્યની સુંદર કામગીરી સંભાળી હતી. વ્યાયામ શિક્ષક, ચિત્ર શિક્ષક, કમ્પ્યૂટર શિક્ષક તથા મુખ્ય વિષયોના શિક્ષકોએ આ પ્રસંગે સુંદર શિક્ષણકાર્ય સંભાળી વિદ્યાર્થીઓના હૃદય જીતી લીધા હતા. આચાર્યા અંજલિબેન ટેકવાનીના માર્ગદર્શન હેઠળ રાજેન્દ્ર સિંહ અને શિલ્પાબેને વિદ્યાર્થી શિક્ષકોને દોરી સંચાર કર્યો હતો. પ્રાથમિક શાળાના દરેક વર્ગના વિદ્યાર્થીઓએ પોતાને ગમતા વિષય શિક્ષકોને તથા વર્ગ શિક્ષકોને પુષ્પ અને જાતે બનાવેલા સુંદર કાર્ડ આપી આશીર્વાદ મેળવ્યા હતા.

**● એ.એ. પટેલ કોમર્સ કોલેજ**

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા તારીખ પમી સપ્ટેમ્બરના રોજ આપણા મહાન શિક્ષક અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં શિક્ષકદિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

સ્નાતક કક્ષાનાં એફ.વાય.થી ટી.વાય. બી.કોમ. સુધીનાં તમામ વર્ગોના લેકચર્સ વિદ્યાર્થીઓ દ્વારા જ લેવામાં આવ્યા હતા અને પ્રિન્સીપાલથી લઈ પ્યુન સુધીની તમામ ભૂમિકા વિદ્યાર્થીઓ દ્વારા સુંદર રીતે રજૂ કરવામાં આવી હતી કાર્યક્રમના અંતે આજનાં દિવસની ફળશ્રુતિ સ્વરૂપે 'ગુટખા મુકત ગુજરાત'નો સર્વ વિદ્યાર્થીઓએ સંકલ્પ લીધો હતો. દરેક વર્ગમાંથી બે બે વિદ્યાર્થીઓને એકસલન્ટ ટીચર તરીકે પસંદગી કરવામાં આવ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમમાં ૩૭ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોલેજનાં પ્રિન્સીપાલ ડૉ. જે.જે. ભટ્ટે તમામ વિદ્યાર્થીઓને ઉદબોધન આપી પ્રોત્સાહીત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન પ્રો. સોનલબેન અને પ્રો. વિશાલભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં આજે યુજીસી નેક પીઅર ટીમની મુલાકાત

ગાંધીનગર, તા. ૫

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની મુલાકાતે તા. ૬ સપ્ટેમ્બરના રોજ યુજીસી નેક પીઅર ટીમ આવી રહી છે, જે ૮ તારીખ સુધી રોકાશે. આ પ્રસંગે સંસ્થા અને વિદ્યાર્થીનીઓ દ્વારા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. પીઅર ટીમ વર્તમાન વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઉપરાંત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા વાલીઓ સાથે પણ બેઠક કરશે અને સંસ્થાનો સર્વાંગી અભ્યાસ કરશે.

# સ્પોર્ટ્સ ઓથોરીટી દ્વારા બાળકો માટેની સ્પર્ધાઓનું આયોજન

ગાંધીનગર તા. ૫

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે ૨૦૧૨-૧૩માં ઓર્ગેનાઈઝેશન કોમ્પીટીશન એન્ડ કોચીંગ કેમ્પેઈન ફાઈવ ઈવેન્ટ યોજના અંતર્ગત શાળાઓમાં ભણતા ૧૨ વર્ષથી નીચેના (અંડર-૧૨) બાળકો માટેની અનુક્રમે તરણ, સ્કેટીંગ, યોગા, જૂડો, જિમ્નાસ્ટીક, ટેનિસ,બેડમિન્ટન અને ટેબલ ટેનિસ રમતોની ગાંધીનગર જિલ્લા કક્ષાની સ્પર્ધાઓનું આયોજન આગામી ડિસેમ્બર-૨૦૧૨ દરમ્યાન હાથ ધરવામાંઆવનાર છે. આ સ્પર્ધામાંભાગ લેવા ઈચ્છુત શાળામાં અભ્યાસ કરતાં ખેલાડીઓએ શાળા મારફત પોતાની વિગતવાર એન્ટ્રી એલીજીબીટી સર્ટિફિકેટ સાથે જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર મહાત્મા ગાંધી વિદ્યાલય સેકટર-૨૧ ગાંધીનગરનો સંપર્ક સાધવા જણાવેલ છે. પ્રદેશકક્ષાની સ્પર્ધઆનું આયોજન ફેબ્રુઆરી-૨૦૧૩ દરમ્યાન કરવામાં આવશે.

# એસ. જી. ઈંગ્લિશ મિડીયમ પ્રાયમરી સ્કૂલમાં યોજાયેલી દેશભક્તિ ગીત સ્પર્ધા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરના સેકટર-૨ ૩માં આવેલી એસ.જી. ઈંગ્લિશ મિડીયમ પ્રાયમરી સ્કૂલમાં તાજેતરમાં દેશભક્તિ ગીત સ્પર્ધાનું પૂર્વ પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના આચાર્ય અંજલિબેન ટેકવાનીએ ધોરણ-૩ થી ૫ અને ધોરણ-૬ થી ૮ના વર્ગ-એ, બી અને સી વિભાગમાં દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરાવ્યું હતું. દરેક વર્ગમાંથી વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો અને કાર્યક્રમ ઉજળો બનાવ્યો હતો.

ધોરણ ૩ થી ૫માંથી પ્રથમ નંબરે 'એ' વિભાગનો પ્રથમ નંબર, 'બી' વિભાગનો દ્વિતીય નંબર અને 'સી' વિભાગનો ત્રીજો નંબર આવ્યો હતો. જ્યારે ધોરણ-૬ થી ૮માં 'સી' વિભાગનો પ્રથમ નંબર, 'બી' વિભાગનો દ્વિતીય નંબર અને 'એ' વિભાગને તૃતીય નંબર આવ્યો હતો. 'કોરસ'માં યોજાયેલી ગીત સ્પર્ધામાં 'હમ કરે રાષ્ટ્ર આરાધન...', 'ભારત હમકો જાન સે પ્યારા હૈ...', વગેરે ગીતોએ શ્રોતાઓને ડોલાવી દીધા હતા. દેશભક્તિ ગીત સ્પર્ધામાં શાળાના શિક્ષક જ્યોતિબેન સુથાર, નેહલબેન ત્રિવેદી, જયેશભાઈ શ્રીમાળી, રાજેન્દ્રભાઈ જેતાવત, પારૂલબેન, મીલીબેન તથા દરેક વર્ગ શિક્ષકોએ બાળકોને યોગ્ય માર્ગદર્શન આપી સુંદર વેષભૂષા સાથે રજૂ કર્યા હતા. સમગ્ર સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શાળાના અલ્પાબેન સજ્જનબેન અને કામિનીબેને તટસ્થ ભૂમિકા ભજવી હતી.

## કેફિયત કલા સાધકની

- આશા સરૈયા

# પ્રેક્ષકો મને તાળીઓથી વધાવે છે તે જ મારો એવોર્ડ

દસ વર્ષનો, ધોરણ સાતમાં અભ્યાસ કરતો એક વિદ્યાર્થી સ્ટ્રીટ લાઈટ નીચે બેસીને બેન્જો વગાડવામાં લીન થઇ જાય છે રાહદારીઓ અચરજથી જુવે છે કે આ છોકરો અહીં રાત્રે શું કરે છે? પરંતુ ત્યારે કયાં ખબર હતી કે ભવિષ્યમાં આ છોકરો સંગીતને જ જીવન બનાવશે! આ છોકરો તે સંગીતક્ષેત્રે બહુમુખી પ્રતિભા ધરાવતાં ગાંધીનગરના શ્રી જૉન પીટર છે.

૧૯૬૯થી ગાંધીનગરવાસી બનેલાં બેનેડીક્ટ નિર્મલા પીટરના પુત્ર જૉનનો જન્મ ૧૯૬૦માં અમદાવાદમાં. જૉનનાં પિતા અને દાદા ચર્ચમાં ગીતો ગાય, દાદા પિયાનો, પિતા હાર્મોનિયમ (પગ પેટી) વગાડે. પિતા અને દાદાનો સંગીત વારસો મેળવેલો જૉન દસ વર્ષની ઉંમરે જ ચર્ચમાં ઢોલક વગાડીને સંગીતક્ષેત્રે ધમાકેદાર એન્ટ્રી કરી. માતા-પિતા બંને સેન્ટ ઝેવિયર્સ શાળામાં શિક્ષક તરીકે સેવાઓ આપે. જૉને પણ આ જ શાળાનાં બેન્ડના લીડર તરીકે નિમાય છે. શાળાનાં જ સહાધ્યાયી એડ્વીન વાઝ (હાલના જાણીતા મ્યુઝિક ડાયરેકટર) અને જૉનની બેલડીએ માસ પી.ટી. ડીલ, પ્રજાસત્તાક દિન અને શાળાના અન્ય કાર્યક્રમોમાં બેન્ડની સુરાવલીઓથી શાળાને ગુંજતી કરી દીધી.

સાદો બૅન્જો શીખીને પોતાની કારકિર્દીની શરૂઆત કરનાર જૉનને સંગીતનું એવું ઘેલું લાગ્યું કે જે મળે તે તમામ વાજિંત્ર પર હાથ અજમાવે. ૧૯૮૧માં સૌ પ્રથવ એક કાર્યક્રમમાં બૅન્જો વગાડીને જાહેર કાર્યક્રમમાં ભાગ લેવાના શ્રીગણેશ કર્યાં. સાથે સાથે ૧૯૮૧માં જ જી.ઈ.બી.માં નોકરીમાં પણ જોડાયા.

ગાંધીનગરમાં એ સમયે સે-૨૦ માં નવરાત્રી ખુબ ધામધૂમથી ઉજવાતી. નવરાત્રીનાં ગરબામાં બૅન્જો વાદકનું ખુબ મહત્ત્વ રહેતું. જાણીતા લોકગાયક ગોવિંદભાઈ ગઢવીએ જૉનની પ્રતિભા પારખી ને પોતાના ગ્રુપમાં વગાડવાનું આમંત્રણ આપ્યું. અને જૉને આમ સે-૨૦ની નવરાત્રીમાં બૅન્જોના કસબથી સુરીલું વાતાવરણ સર્જ્યું. ૧૯૮૩માં જૉનનાં મોટાભાઈ મુંબઈથી ઈલેકટ્રીક બૅન્જો લાવ્યા અને જૉનભાઈ ખુશ થઈ ગયા! ૧૯૮૯ સુધી આ બૅન્જો પર જ સે-૨૦ માં જૉનભાઈ સંગીત આપતાં.

જૉનભાઈ માને છે કે, સંગીત ક્ષેત્રે પિતાના વારસા સાથે ગોડ ગિફ્ટ પણ મળેલી છે. એમણે કોઈ પણ પ્રકારની પધ્ધતિસરની તાલીમ લીધી નથી. સંગીત સાંભળીને પોતે પ્રેકટીસ કરે અને એ રીતે જ સંગીતના વાંજિત્રો વગાડવામાં પ્રભુત્વ પ્રાપ્ત કરેલું છે. તેઓ ઘણા ખરાં ઈન્સ્ટ્રુમેન્ટ - બૅન્જો, ઢોલક, ઢોલ, ડ્રમ, પિયાનો, ટિગાર, ફલુટ, ઑકટોપેડ, કી-બોર્ડ વિ. બખુબી વગાડી જાણે છે.

૧૯૮૫ થી ૯૦ નાં ગાળામાં જૉન પીટર (બૅન્જો), ધર્મેન્દ્ર તપોધન (તબલા-ઢોલ), સૌરિન, મહેતા (હાર્મોનિયમ)ની ત્રિપુટી ગાંધીનગરના દરેક ગ્રુપમાં સંગીત પીરસતી. એક જ લેમ્બ્રેટા સ્કૂટર પર ફરીને ત્રણે મિત્રોએ ગાંધીનગરમાં રંગ જમાવી દઈધો હતો. સુગમ સંગીત, ફિલ્મી સંગીત, રાસ-ગરબા સ્પર્ધા કે યુવક મહોત્સવ સંગીતનો તરખાટ તો આ ત્રિપુટીએ જ મચાવ્યો હોય. એ અરસામાં ગાંધીનગરના દરેક સેકટરોમાં કૃષ્ણજન્મોત્સવની ઉજવણી ટૂકમાં ફરીને જતી. તેમાં પણ આ ત્રણે સંગીતકારો જમાવટ કરતાં, જેતે વસાહતીઓ આજે પણ યાદ કરે છે. તેવી જ રીતે સેકટર-૨૨ ના જાણીતા ગણેશોત્સવમાં પણ એકાદ દાયકા સુધી જૉનભાઈએ પોતાના કાર્યક્રમો રજૂ કર્યા છે.

પ્રભુકૃપાથી જૉનભાઈને સુંદર કંઠ પણ સાંપડ્યો છે. સંગીત સંચાલન સાથે મધુર અવાજની જૉનભાઈ દરેક પ્રકારના ગીતો ગાઈ શકે છે.

દુરદર્શન પર પ્રથમ કાર્યક્રમ રજૂ કરવાની તક જૉનભાઈને ૧૯૮૫માં મળી. એ પછી દર વર્ષે તેમનાં કાર્યક્રમો દુરદર્શન પરથી પ્રસારિત થવા લાગ્યાં. ગણેશ ચતુર્થી પર મરાઠી ગીતો, નવરાત્રી પર રાસ ગરબા, દેશભક્તિ ગીતો વિ. જૉનભાઈના કાર્યક્રમોનું દુરદર્શન પરથી નિયમિત પ્રસારણ થાય છે. આ વર્ષે પણ ગણેશ ચતુર્થીનો કાર્યક્રમ પ્રસારિત થવાનો છે.

બૅન્જો પ્લેયર જૉન પીટરે પોતાની ધગશ, મહેનત અને આવડતથી સંગીત સંચાલક તરીકેની ઓળખ કાયમ કરી અને ૧૯૮૯ માં 'જૉન પીટર એન્ડ ગ્રુપ'ની સ્થાપના કરી. ગાંધીનગરની મોટા ભાગની શાળા-કૉલેજો, જુદી જુદી જ્ઞાતિ અને સમાજો, વિવિધ સામાજિક સંસ્થાઓ અને કલબો, ગાંધીનગરના ઔદ્યોગિક એકમો, સી.આર.પી.એફ., આર્મી અને એરફોર્સ દ્વારા યોજવામાં આવતાં સાંસ્કૃતિક કાર્યક્રમો, વાર્ષિકોત્સવો, નવરાત્રી અને અન્ય મહોત્સવો, ટેલેન્ટ ઈવનિંગ વિ. માં ગીત સંગીત આપીને જૉનભાઈના ઑરકેસ્ટ્રાએ અનેરી સિધ્ધિ પ્રાપ્ત કરી છે. લગ્નગીતો, જન્મદિન, એનિવર્સરી વિ. ના કાર્યક્રમો તો ખરા જ. આમ વરસમાં ૯૦ થી ૧૦૦ કાર્યક્રમો રજૂ કરનાર જૉનભાઈ એન્ડ ગ્રુપને ૧૯૯૦માં અમેરિકામાં નવરાત્રી ઉજવવા માટે આમંત્રણ મળ્યું. ગાંધીનગરનાં અમેરિકા જનાર આ પ્રથમ ગ્રુપે ચાર મહિના સુધી રહી ૪૦ થી ૫૦ જેટલા કાર્યક્રમો કરીને ગાંધીનગર અને ગિરા ગુર્જરીને ગૌરવ અપાવનાર જૉનભાઈ અને તેમના ગ્રુપને અભિનંદન.

જૉનભાઈએ યુએસએમાં ઈલેકટ્રોનિક કી બોર્ડ વગાડવાનું શીખીને કૉમ્પ્યુટરાઈઝ્ડ રૉલેન્ડ ક્યુ. નું કી બોર્ડ ખરીદી લાવ્યાં. અને આમ કી-બૉર્ડ માસ્ટર બન્યા. અમેરિકામાં સિંગર, રીધમીસ્ટ, કમ્પૉઝર, સાઉન્ડ ઑપરેટર વિ. જવાબદારી નીભાવવા જૉનભાઈને ત્યાં મિત્રો ''વાંદરી પાનુ'' કહેતા!

જી.ઈ.બી.નાં દરેક કાર્યક્રમો, સરકારશ્રીના જ્યોતિગ્રામ યોજનાના કાર્યક્રમો, વાઈબ્રન્ડ નવરાત્રી વિ. ગણ્યા નહીં એટલા કાર્યક્રમો આપનાર જૉનભાઈએ ગુજરાતી-હિન્દી-મરાઠી ઉપરાંત મલયાલમ અને અંગ્રેજી ભાષાના ગીતોના કાર્યક્રમો પણ પ્રસ્તુત કર્યાં છે.

માતાજી પર અસીમ શ્રધ્ધા ધરાવતાં જૉનભાઈ જયારે માતાજીની આરટી ગવડાવે છે. ત્યારે વાતાવરણ ભક્તિથી છલકાઈ જાય છે. જૉનભાઈએ જાણીતા કલાકારો પ્રફુલ્લ દવે, હેમંત ચૌહાણ, દયમંતી બરડાઈ, સાંઈરામ દવે, સ્વ. કુંદન ગઢવી વિ. ના કાર્યક્રમોમાં સંગત કરેલ છે.

૧૯૮૭માં એન્જેલાબેન સાથે પ્રભુતાનાં પગલાં પાડીને તેમનાં સંપૂર્ણ સહકારથી જ 'જીવન એટલે સંગીત' સાર્થક કરી શકયા છે. પાપાની પરીઓ - સ્ટેફી અને સુઝાનના પ્રેમથી જૉનભાઈનું જીવન ભર્યું ભર્યું છે.

સંગીતમાં આર્થિક બાજુએ કયારેક મહત્ત્વ ન આપનાર હસમુખા અને મિલનસાર સ્વભાવના જૉનભાઈ માને છે કે, પ્રેક્ષકો જયારે મને તાળીઓથી વધારે છે તે જ મારો એવોર્ડ.

પોતાના બધાં જ જૂના વાજિંત્રો સાથેના લગાવથી હજી સાચવી રાખનાર અને રસ્તા પરનાં થાંભલાની બત્તી નીચે બેસીને શરૂ કરેલી જૉનભાઈની સંગીત સફર આજે સફળતાથી ઉડાન ભરે છે. જૉનભાઈ માને છે કે,

'અરમાન જિંદગીના પુરા થાય તો ઘણું છે

જીવનમાં બેચાર સારા કામ થાય તો ઘણું છે

કોઈનું સારું ન થાય તો કાંઈ વાંધ નહીં... પણ

ભૂલથી મારાથી કોઈનું ખરાબ ન થાય તો ઘણું છે...'

# ધૂણી ધખાવીને બેઠો છું, પૂંછડી હલાવતો બેઠો છું તૂટે નહીં નાતો અમારો, માલિકને સાચવતો બેઠો છું

## તેજસભાઇ પટેલનો લાડકો 'રૉની' પટેલ પરિવારનાં વિશાળ ફેમિલી ફોટામાં સ્માઇલ આપે છે : સિટી કેબલની ગાંધીનગરમાં શરૂઆત કરાવનારાં કૌશિકભાઇનો અશ્વ અને શ્વાન પ્રેમનો વારસો દીકરા હાર્દિક-તેજસે જાળવી રાખ્યો

સંબંધ સજાવે જિંદગી

વી આર ફેમિલી

- સંજય થોરાત

gsrelation@yahoo.com

માનવજાત અને શ્વાસ વચ્ચે લગભગ એકથી દોઢ લાખ વર્ષ જૂનો સંબંધ છે એવું ઉત્ક્રાંતિવાદના વિજ્ઞાનીઓ કહે છે. શ્વાસનો વફાદારીનો ગુણ નવજાતને અત્યંત ઉપયોગી સાબિત થયો છે. પ્રાણી-પક્ષી શાસ્ત્રીઓએ લાબ્રાડોર, ડૉબરમેન, આલ્સેશીયન તથા રોટવૅલર જેવાં કૂતરાની વિવિધ જાતિઓમાં એવું શોધ્યું છે કે કૂતરાઓ માણસની જેમ હસી કે રડી શકે છે અને એનામાં જે સંવેદનાઓ છે એ માનવીય પ્રકારની હોય છે...

આવો જ કંઈક મસ્ત અનુભવ સેકટર-૮માં રહેતાં ગાંધીનગરમાં જાણીતા બિલ્ડર કૌશિકભાઈ પટેલનાં શ્વાન પ્રિય દીકરા તેજસભાઈને થયો છે... ઑસ્ટ્રેલિયાના પ્રવાસે નીકળેલાં તેજસભાઈને એમનાં અત્યંત પ્રિય એવાં 'રૉની' એમને અમદાવાદ એરપોર્ટ મુકવાં ગયેલો, કૂતરા 'રૉની' ની માલિક ભક્તિ એવી કે એને એમ કે તેજસભાઈ એકાદ દિવસમાં આવી જશે... બસ રાહ જોવી ચાલુ કરી, પણ ઑસ્ટ્રેલિયા ગયેલી વ્યક્તિ એટલી જલ્દી પાછી આવેય 'રૉની' ભાઈ રિસાયા અને અન્ના હજારેના લોકપાલ બીલ માટેનાં અનશનની જેમ આપણો માલિક ના આવે ત્યાં સુધી અનશન પર ઉતરી ગયો...

દિવસ પર દિવસ ચઢતાં ગયા, શરીર લથડવાં માંડ્યું, ઘરનાં દસ-દસ સભ્યોએ કાલાવાલા - વિનંતીઓ કરી પણ 'રૉની' ડગ્યો નહીં, અંતે ડૉકટરની મદદ લીધી, શક્તિના ઈન્જેંકશન આપ્યાં અને તેજસભાઈના મોટાભાઈએ એને ફોસલાવી - પટાવી ખવડાવવાનું ચાલું કર્યું... 'રૉની' જમવા લાગ્યો પણ ઘરમાં ઉદાસ રહેતો હતો... માલિક ભક્તિ આને કહેવાય... ૬ મહિનાનાં ઑસ્ટ્રેલિયા રોકાણ બાદ તેજસભાઈ પાછા આવ્યાં અને 'રૉની'ની આંખોમાં ચમક આવી ગઈ. 'રૉની' તેજસભાઈને જરાય છોડે જ નહીં, અરે એની બૅગને પણ એ અડવા દેતો નહીં!!

ગાંધીનગરમાં સિટી કેબલનાં પાયોનીયર કૌશિકભાઈ પટેલ આજે ઉમિયા ડેવલોપરના બૅનર હેઠળ અવનવી સ્કિમો લૉંચ કરે છે. ગાંધીનગરમાં જ ઉમિયા પ્રિન્ટીંગ્સ એ પ્રિન્ટિંગ ક્ષેત્રે અત્યંત જૂનું નામ છે. સ્વભાવે અત્યંત આનંદી અને એનર્જેટીક કૌશિકભાઈનું કલોક રોડ પર એક ફાર્મ છે અને ત્યાં એમણે પાંચ ઘોડા પણ પાળ્યાં છે... તેજસભાઈ કૌશિકભાઈના સૌથી નાના દીકરાં અને એમને પિતાનો પ્રશુપ્રેમનો વારસો મળ્યો છે... તેજસભાઈ પોતે પણ બિલ્ડીંગ કન્સ્ટ્રકશનમાં જોડાયેલાં છે, નાનપણથી જ કૂતરાનાં બચ્ચાં સોસાયટીમાંથી ઉપાડી લાવતાં તેજસભાઈનાં મિત્ર વૈભવ જાનીનાં ઘરે લેબ્રાડોર કૂતરો પાળેલો અને આમને કાયમ થતું કે મારા ઘરેય એક સરસ કૂતરો હોય!!

ગાંધીનગરનાં જાણીતા પશુ ચિકિત્સક ડૉ. સોનીએ જર્મન શૅપર્ડ બેંગ્લોરથી તેજસભાઈ માટે લાવ્યાં અને એ પણ વિમાનમાં બેસી અમદાવાદ આવ્યું, તેજસભાઈ એને રિસીવ કરવાં એરપોર્ટ ગયેલાં ત્યારથી આ 'રૉની' આમનાં પરિવારનો સભ્ય બની ગયો... હાર્દિકભાઈ 'રૉની'ને રોજ સવારે વૉકમાં લઈ જાય છે, જેઓ પોતે અમદાવાદ દૂધેશ્વર ઑફસેટ પ્રિન્ટીંગનાં વ્યવસાયમાં વ્યસ્ત છે... કૌશિકભાઈનો દસ જણનો સંયુક્ત વિશાળ પરિવાર છે અને 'રૉની' એમનો ૧૧મો સભ્ય છે... કૌશિકભાઈના ડ્રોઈંગરૂમમાં સયુક્ત પરિવારનાં વિશાળ ફોટોગ્રાફમાં 'રૉની' પણ 'સ્મિત' આપી પરિવારનાં સભ્યનું ગૌરવ માણી રહ્યો છે!!

'રૉની' દર મહિને બ્યુટી પાર્લર - સ્પામાં જાય છે, જયાં તેનું સંપૂર્ણ ડ્રેસિંગ, નેઈલ કટીંગ, બૉડી સ્પે વગેરે થાય છે, અને આની એક જ સિટીંગનો ખર્ચો ૧૪૦૦-૧૫૦૦ રૂપિયા આવે છે... 'રૉની' તેજસભાઈનો એટલો હોવાયો છે કે, એકવાર ખૂબ વર્ષો પછી આવેલાં એમનાં મિત્રએ ખુશીથી જોરથી ધબ્બો માર્યો તો 'રૉની'ને એમ કે મારા માલિકને માર્યું એટલે એનો પિત્તો ગયો અને પેલાં મિત્રનું જીન્સનું પેન્ટ ફાડી નાખ્યું... તેજસભાઈનાં મમ્મી જો કયારેક એને ઊંચા અવાજે વાત કરે તો એમની સામેય જોસથી ભસવાં માંડે... ટૂંકમાં તેજસભાઈનો આ બૉડીગાર્ડ હાજર હોય ત્યાં સુધી કોઈ હિંમત નથી કે આમને આંગળીયે અડાળી જાય...

ફોટોગ્રાફી, લૉંગ ડ્રાઈવ અને સ્પૉર્ટ્સના શોખીન તેજસભાઈ હમણાં હૉંગકૉંગ ગયેલાં ત્યાં પાંચ જ દિવસમાં અઢી હજાર ફોટા પાડી આવ્યાં.... ગાડીઓનાં એક સરખાં નંબરનો પણ આ પરિવાર શોખીન છે. આમનાં દરેક વ્હીકલનો નંબર ૫૭૭૭ જ હોય છે... આજે તો આ 'રૉની' ઘર પરિવારમાં, સૌનો લાડલો છે, એકદમ ફ્રેન્ડલી અને સિક્યુરીટીમાં શ્રેષ્ઠ છે... અજાણી વ્યક્તિને ઘરમાં ના ઘૂસવા દેતો 'રૉની' પરિચિતોને કયારેય ક